ગુજરાતમિત્ર
# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



**સંખેડા :** ગત તા.11/3/2025ના રોજ ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા સલગ્ન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ પરિમલભાઈ શાહ,ઉપપ્રમુખ કનુભાઈ દરૂ, વિશેષ અતિથિ સંખેડા કોલેજના પૂર્વ આચાર્ય જશવંતસિંહ સોલંકી તથા સંખેડા કોલેજના આચાર્ય ડૉ.ડી.વી.પટેલ તથા સમગ્ર કોલેજ પરિવારે હાજરી આપી હતી. કાર્યક્રમના પ્રારંભમાં દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું.

### દાદી ગુલઝારના ચોથા સ્મૃતિદિન નિમિત્તે બ્રહ્માકુમારી વિદ્યાલય ખાતે સ્નેહમિલન યોજાયું



**પાદરા :** પાદરા હૃદય મોહિની દાદી ગુલઝારના ચોથા સ્મૃતિદિન નિમિત્તે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય પાદરા દ્વારા સ્નેહમિલન નો કાર્યક્રમ સ્થાનિક સેવા કેન્દ્ર પાદરા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતો. જેમાં 125 થી વધુ બ્રહ્માવત્સો હાજર રહી દાદી ગુલઝારના જીવન યાત્રા પૈકી માંથી અનુકરણ કરી આપણું જીવન ઉચ્ચ બનાવવાનું લક્ષ પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવા દ્રઢ નિશ્ચય કર્યો હતો રાજયોગીની દીદી બ્રહ્માકુમારી સીમાબેન દ્વારા પ્રસંગને અનુરૂપ પ્રવચન કરી બ્રહ્માવત્સોને પુરુષાર્થ કરી ઉચ્ચ લક્ષ્ય તરફ લઈ જવા પ્રેરણા આપી હતી. બ્રહ્મ ભોજન સ્વીકારી એ કાર્યક્રમને સમાપન કર્યો હતો.

### પાદરામાં હનુમાન જન્મોત્સવ અંતર્ગત મીટીંગનું આયોજન કરાયું



**પાદરા :** પાદરા નગર ના પુનિતચોક નવાપુરા વિસ્તારમાં આવેલ કષ્ટભંજન દેવ હનુમાનજી દાદા ના પ્રાગટ્ય દિન તા.૧૨/૪/૨૫ ના રોજ હોય જે અંતર્ગત ઉજવણી ના ભાગરૂપે ત્રિદિવસીય વિવિધ ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરવા સમસ્ત નવાપુરા યુવક મંડળ દ્વારા મીટીંગ યોજાઈ હતી. જેમાં પાદરા નગરના વિવિધ વિસ્તાર ના તમામ યુવક મંડળો ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કષ્ટભંજન દેવ હનુમાનજી દાદા ના પ્રાગટ્ય દિનની ભવ્ય ઉજવણી કરવા માટે ચર્ચા વિચારના કરવામાં આવી હતી. જેમાં મીટીંગ ની શરૂઆત હનુમાન ચાલીસા નો પાઠ કરી કરવામાં આવી હતી.

### છોટાઉદેપુરના રામપુરા ગામ ખાતેથી બોગસ ડોક્ટર ઝડપાયો



**છોટાઉદેપુર :** છોટાઉદેપુરના રામપુરા ગામ ખાતેથી બોગસ ડોક્ટર ડિગ્રી વગરનો ઝડપાઇ ગયો, ડિગ્રી વગર દવાઓ આપી પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતો હતોબાતમીના આધારે ગરીબ આદિવાસી જનતાના આરોગ્ય સાથે ચેડાં કરતો "બોગસ ડોકટર"ને ઝડપી પાડતુ છોટાઉદેપુર સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ છોટાઉદેપુર તાલુકાના રાઠવિસ્તાર તરફ રંગપુર પોલીસ મથક વિસ્તારમાં આવેલું રામપુરા ગામ ખાતે પોલીસે બાતમીના આધારે બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો હતો. ડિગ્રી વગર પ્રજાને દવા આપી આરોગ્ય સાથે ચેડા કરતો હોય અને દવાખાનું ચલાવતો હોય તેવા મીન્ટુ કુમાર રામેન્દ્રનાથ રાય ને પોલીસે દવાઓ સહિત રંગે હાથે ઝડપી પાડ્યો છે. ઉલ્લેખનીય છે એ છોટાઉદેપુર જીલ્લા વિસ્તારમાં સામાન્ય પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતા "બોગસ ડોકટર" ફૂલ્યા ફાલ્યા છે. આવા ડોક્ટર કોઈપણ ડિગ્રી વગર પ્રેક્ટિસ કરી આદિવાસી ગરીબ પ્રજા ના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરતા હોય છે. આવા જ બોગસ ડોક્ટર છોટાઉદેપુર જિલ્લાના રાઠ વિસ્તારના રામપુરા ખાતે થી મિન્ટુકુમાર રમેન્દ્રનાથ રાય ને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં ગ્રામીણ વિસ્તારોમાં ઘણી જગ્યાએ બોગસ ડોક્ટર ડિગ્રી વગરના દવાખાનું ચલાવતા હોય તેવી ચર્ચાઓ પ્રજામાં ચાલી રહી છે.

**લોકો મૂંઝવણમાં આરોપી લાલો તડવી માનસિક વિકૃત કે પછી તાંત્રિક ?**

# બોડેલીના પાણેજ ગામે ચાર વર્ષની નિર્દોષ બાળકીની હત્યા કે બલી?

**કોર્ટે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા**

(પ્રતિનિધિ) બોડેલી, તા. 12

છોટાઉદેપુર જિલ્લામાં બનેલી ચાર વર્ષની બાળકીની હત્યા ની ઘટનામાં અલગ અલગ નિવેદનો આવતા લોકો મૂંઝવણમાં મુકાયેલ છે આખરે માસુમ બાળકીની હત્યા થઈ કે પછી બલી ચઢાવવામાં આવી એવા અનેક સવાલો લોકોના મનમાં ચાલી રહ્યા છે સમગ્ર બનાવના દિવસે સ્પષ્ટ હતું કે તાંત્રિક દ્વારા નિર્દોષ બાળકીની બલી ચઢાવવામાં આવી છે ત્યારબાદ ધારાસભ્ય દ્વારા પણ જણાવવામાં આવ્યું કે અંધશ્રદ્ધામાં આ બનાવ બનેલ છે ત્યારબાદ અચાનક છોટાઉદેપુર પોલીસ અધિક્ષક દ્વારા તપાસ હાથ ધર્યા બાદ એવું જણાવવામાં આવ્યું કે આરોપી લાલો માનસિક વિકૃત છે જેના કારણે નિર્દોષ બાળકીની હત્યા થઈ છે ત્યારબાદ અચાનક ગામ લોકો દ્વારા વિડીયો વાયરલ કરવામાં આવ્યા કે બાળકીને હત્યા બાદ મંદિરના પગથિયા પર સુવડાવામાં આવી હતી જેથી કરીને સમગ્ર પંથકમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે અને લોકો માંગ કરી રહ્યા છે કે સત્ય હકીકત શું છે તપાસ ઝીણવટ તાથી કરવામાં આવે તા કે માસુમ બાળકીને ન્યાય મળી શકે.

બોડેલીના પાણેજ ગામે બનેલી ઘટનાના આરોપી લાલા તડવીને કર્યો કોર્ટમાં રજૂ આરોપીને ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા. પોલીસ દ્વારા લાલા તડવીને 5 દિવસના રિમાન્ડની કરી માંગ કરાઈ હતી. છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના પાણેજ ગામે માસૂમ બાળકીના હત્યાનો મામલાને લઈને આરોપીને પકડીને કોર્ટમાં લઈ જવામાં આવ્યો હતો અને પી,આઇ દ્વારા પાંચ દિવસના રિમાન્ડની માંગ કરી હતી ત્યારે ત્રણ દિવસના આરોપીને રિમાન્ડ આપવામાં આવ્યા હતા છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના પાણેજ ગામમાં માસુમ દીકરી ને કુવાડીના ઘા મારી હત્યા કરવામાં આવી ત્યારે ગ્રામજનો દ્વારા વિધિ કરવા માટે હત્યા કરવામાં આવી તેમ જણાવવામાં આવ્યું હતું હત્યા છે કે નર બલી છે તપાસ પછી જ ખબર પડશે હાલમાં બોડેલી ન્યાય મંદિર ખાતે આરોપીને હાજર કરવામાં આવ્યો હતો અને તેના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા આ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા આવી હતી ત્યારે આજે બપોરે 12:30 વાગ્યાના સમયમાં આરોપીને બોડેલી કોર્ટ ખાતે લઈ જવામાં આવ્યો હતો આરોપીને ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

### નર બલીનો કેસ હોય એમ જોવાય છે : ASP અગ્રવાલ



ASP અગ્રવાલ તા-10-3-2025 ચાર વર્ષની બાળકીની હત્યા કરવામાં આવેલ છે ફરિયાદી જ્યોતિબેન ના કહ્યા અનુસાર કપડાં ધોવા માટે નાનો બાળક અને એમની 4 વર્ષની દીકરીને લઈ બહાર નીકળતા આરોપી દીકરીને ખેંચીને લઈ જતા માતાએ આરોપીના હાથમાં કુવાડી હોવાના કારણે કોઈ તેની પાસે જઈ શક્યું નથી.

### અંધશ્રધ્ધાથી કામ થયું છે : ધારાસભ્ય અભેસિંગ તડવી



ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી તા -11-3-2025 ગામ લોકોને પૂછતા અંધશ્રદ્ધાની અંદર આ કામ થયું હોય એવું લાગે છે પોલીસને તપાસ કરવા માટે ની જાણ કરવામાં આવી છે અને જીનવટતાથી તપાસ થાય તો આની પાછળ શું રહસ્ય છે એ જાણી શકાય એમ છે અને આરોપીને ફાંસીની સજા આપવામાં આવે એવી માંગ કરી હતી.

### તાંત્રિક વિધી માટે ભુવાએ હત્યા કરી : S.P. ઈમ્તિયાઝ શેખ



તા-11-3-2025 જિલ્લા પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ આરોપી લાલાતડવી એ પાંચ વર્ષની બાળકીની હત્યા કરી પ્રાથમિક બાબતમાં તાંત્રિક વિધિ માટે ભુવા એ કરેલી હત્યા છે પરંતુ એવું જાણવા મળ્યું હતું, પરંતુ સ્થળ તપાસ માં આરોપીના પાડોશી ઓના સ્ટેટમેન્ટમાં જાણવા મળ્યું કે લાલાભાઇ તડવી કોઈ જાતનો તાંત્રિક કે ભુવો નથી.

### લાલા તડવીના ઘરમાં મંદિરના પગથીયા પર બાળકીની લાશ



તા-12-3-2025 ગામ લોકો દ્વારા વિડીયો વાયરલ કરવામાં આવેલ છે જેમાં સ્પષ્ટ દેખાય છે કે આરોપી લાલા તડવીના ઘરમાં આવેલ મંદિર ના પગથીયા પર બાળકીની હત્યા બાદ લઈ જવામાં આવેલ છે જેને લઇ ત્યાં લોહી જોવા મળ્યું હતું. અલગ નિવેદનો આવતા લોકો મૂંઝવણમાં મુકાયેલ છે. આખરે માસુમ બાળકીની હત્યા થઈ હતી.

## પાણેજની ઘટનાના આરોપી લાલા તડવીને રજૂ કરાયો

**બોડેલી-** બોડેલીના પાણેજ ગામે બનેલી ઘટનાના આરોપી લાલા તડવીને કર્યો કોર્ટમાં રજૂ આરોપીને ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા. પોલીસ દ્વારા લાલા તડવીને 5 દિવસના રિમાન્ડની કરી માંગ કરાઈ. કોર્ટે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના પાણેજ ગામે માસૂમ બાળકીના હત્યાનો મામલાને લઈને આરોપીને પકડીને કોર્ટમાં લઈ જવામાં આવ્યો હતો અને પી,આઇ દ્વારા પાંચ દિવસના રિમાન્ડની માંગ કરી હતી ત્યારે ત્રણ દિવસના આરોપીને રિમાન્ડ આપવામાં આવ્યા હતા છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના પાણેજ ગામમાં માસુમ દીકરી ને કુવાડીના ઘા મારી હત્યા કરવામાં આવી ત્યારે ગ્રામજનો દ્વારા વિધિ કરવા માટે આ હત્યા કરવામાં આવી તેમ જણાવવામાં



આવ્યું હતું હત્યા છે કે નર બલી છે એ તો તપાસ પછી જ ખબર પડશે પણ હાલમાં બોડેલી ન્યાય મંદિર ખાતે આરોપીને હાજર કરવામાં આવ્યો હતો અને તેના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા આ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા આવી હતી બપોરે 12:30 વાગ્યાના સમયમાં આરોપીને બોડેલી કોર્ટ ખાતે લવાયો હતો.

## હત્યા અંગત અદાવતના કારણે કરાઈ: વિજ્ઞાન જાથા ચેરમેન

**બોડેલી-** બોડેલીના પાણેજ ગામની ચકચારી માસુમ બાળકી ની હત્યા તંત્ર વિદ્યાના કારણે કા તો અંગત અદાવત ના કારણે આ સમગ્ર ઘટના બની છે એવું સ્પષ્ટ જણાય છે વિજ્ઞાન જાથા ચેરમેન જયંત પંડ્યાનુ નિવેદન આપ્યું હતું. વિજ્ઞાન જાથાની ટીમેં લીધી પાણેજ ગામની મુલાકાત, બોડેલી પોલીસ સાથે વાત કરી ઘટના સ્થળે પહોચી વિજ્ઞાન જાથાની ટિમ , બાળકી ની હત્યા મામલે પીડિત પરિવાર અને સ્થાનિકો ના નિવેદનો લીધા, બાળકી ની હત્યાં મામલે વિજ્ઞાન જાથા ચેરમેન જયંત પંડ્યાનુ નિવેદન, તાત્રિક વિધિ અને અંગત અદાવત ને કારણે બાળકી ની હત્યા થઇ હોવાનું જણાય છે, સમગ્ર મામલો પોલીસ તપાસ દરમ્યાન બહાર આવશે, છોટાઉદેપુર જિલ્લા સહિત સમગ્ર જિલ્લાની ચકચાર મચાવનારી બોડેલી તાલુકાના પાણેજ ગામે ચાર



વર્ષની માસુમ બાળકીની કુવાડી વડે હત્યાને લઈને સમગ્ર જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ચકચાર જોવા મળી રહી છે ત્યારે એમાં અલગ અલગ નિવેદનો પણ અધિકારીઓ અને નેતાઓ દ્વારા જોવા મળી રહ્યા છે ત્યારે આજે બપોરે 1:00 વાગ્યે વિજ્ઞાન જાથા ની ટીમ બોડેલી પોલીસ સ્ટેશનમાં આવી હતી અને બોડેલી પી,આઇ સાથે મુલાકાત કરી હતી.

## ગ્રામજનો દ્વારા હત્યારા તાંત્રિકને બેરહેમીપૂર્વક માર મારતાનો વિડીઓ થયો વાઇરલ

**સંખેડા -** પાણેજ ગામની બાળકીની હત્યા કરાયેલી લાશ મંદિરના પગથિયાં ઉપર ચઢાવેલી હોવાનો વિડીઓ થયો વાઈરલ :

બોડેલી તાલુકાના પાણેજ ગામની બાળકીની તાંત્રિક દ્વારા હત્યા કરી બલી ચઢાવવાની વાતને સાબિત કરતો વિડીઓ વાઈરલ થયો છે, જેમાં બાળકીની હત્યા કર્યા બાદ મંદિર ના પગથીયા ઉપર લાશ મૂકી હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

બોડેલી તાલુકાના પાણેજ ગામે 10 માર્ચ 2025 ના રોજ સવારે લગભગ 8 વાગ્યે 4 વર્ષીય બાળકીની ઘરની સામે જ રહેતા એક તાંત્રિક દ્વારા મોઢું દબાવીને પોતાના ઘરમાં લઈ જઈ કુહાડીના ઘા મારીને હત્યા કરી બલી ચઢાવી દેવાની ઘટના સામે આવી હતી. આ મામલે જે તે દિવસે જીલ્લાના ASP દ્વારા નરબલી હોવાનું લાગે છે તેવું જણાવીને ફરિયાદીની ફરિયાદ લીધી હોવાનું જણાવાયું હતું. પરંતુ ગઈકાલે જીલ્લા પોલીસ વડા દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને નવી વાત કરવામાં આવી હતી જેમાં આ હત્યા કોઈ તાંત્રિક વિધિ અથવા અંધશ્રદ્ધાને લીધે કરવામાં ન હતી આવી, પરંતુ તાંત્રિકની માનસિક વિકૃતિ ધરાવતો હોવાને લઈને હત્યા કરાઈ હોવાનું જણાવ્યું હતું.

વીડિયોમાં પાણેજ ગામની બાળકીની હત્યા કરાયા બાદ ઘરમાં આવેલ મંદિરના પગથીયા ઉપર મુકેલી સ્પષ્ટ જોઈ શકાય છે. સાથે સાથે પરીવારનો કલ્પાંત પણ સંભળાય છે. અને ગ્રામજનો દ્વારા તાંત્રિકને બેરહેમી પૂર્વક માર મારતાંનો સમગ્ર વિડીઓ વાઈરલ રહ્યો છે.જેથી પોલીસ





દ્વારા માનસિક વિકૃતિને કારણે કરાયેલી હત્યાની વાતનો છેદ ઉડાડતો વિડીઓ વાઈરલ થયો . ગ્રામજનો દ્વારા તાંત્રિકને બેરહેમી પૂર્વક માર મારતાંનો સમગ્ર વિડીઓ મામલાને ગમેતેમ રીતે દબાવવનોનપ્રયતન થયો હોય તેવું સ્પષ્ટ વિડીઓ પરથી જણાઈ રહ્યું. કેસની તપાસ સીઆઈડી અથવા અન્ય એજન્સીના માધ્યમથી થાય તો બાળકીના પરિવારને ન્યાય મળશે.

## શાકભાજી પાકોમાં જંતુનાશકોને રોકવા ખેડૂતો સંકલિત જીવાત વ્યવસ્થાપન અપનાવે

**પાકને જીવાત અને રોગોથી બચાવવા ખેડૂતો રાસાયણિક જંતુનાશકોનો આડેધડ ઉપયોગ અટકાવે તે જરૂરી છે**

(પ્રતિનિધિ) વડોદરા, તા. 12

સંકલિત જીવાત વ્યવસ્થાપન આધારિત ખેતીના વિવિધ વિષયો પર ખેડૂતોને માર્ગદર્શન અપાયું હતું.



ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના નેજા હેઠળ વનસ્પતિ સંરક્ષણ સંગરોધ અને ભંડાર નિર્દેશાલયના ઉપક્રમે તીડ- સહ-સંકલિત જીવાત વ્યવસ્થાપન કેન્દ્ર, વડોદરા દ્વારા મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં જીવાત નિયંત્રણ અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

તાલીમ કાર્યક્રમમાં મહિલા ખેડૂત સહિત ખેડૂતો, કૃષિ વિભાગના કર્મીઓએ ભાગ લઈ રહ્યા છે. છ અઠવાડિયાના કાર્યક્રમમાં એક દિવસ કિસાન ખેત શાળાનું આયોજન કરાયું હતું. જેના ભાગરૂપે ખેડા જિલ્લાના કણજરી ખાતે કિસાન ખેત શાળાનું આયોજન કરાયું હતું.

## પાદરાનો પ્રોહીબીશનના ગુનામાં આરોપી 6 વર્ષ બાદ ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા. 12

પાદરા પો.સ્ટે.ના પ્રોહીબીશનના ગુના નો છેલ્લા છ વર્ષથી નાસતા- ફરતા આરોપીને છોટાઉદેપુર જિલ્લા ખાતેથી વડોદરા ગ્રામ્ય જિલ્લા પેરોલ-ફર્લો સ્કવોર્ડ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો

વડોદરા ગ્રામ્ય જિલ્લા પેરોલ-ફર્લો સ્કવોર્ડ દ્વારા પાદરા પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં. ૫૬૨/૨૦૧૮ પ્રોહી એકટ કલમ ૬૫ એ ઈ, ૮૧ મુજબનો ગુનો તા.૧૪/૧૨/૨૦૧૮ના રોજ નોંધાયેલ ગુન્હા નો નાસતો ફરતો આરોપી ધુળસિંગ સેંગલાભાઈ રાઠવા રહે.જણીયારા-સનાડા, ફળીય કડુલીયા, તા.જી. છોટાઉદેપુર છેલ્લા છ વર્ષથી સતત સ્થળાંતર કરી રહેતો હતો અને પોલીસ ધરપકડથી નાસતો ફરતો હતો.

આરોપી SBI બેન્કની પાછળ, રાઠવા સોસાયટી, છોટાઉદેપુર ખાતે હોવાની સચોટ માહિતી મળતા એક ટીમ વોચ તપાસમાં હતી જે દરમ્યાન SBI બેન્કની પાછળ, રાઠવા સોસાયટી, છોટાઉદેપુર થી આરોપીને પોલીસ ધરપકડથી નાસતો ફરતો હતો.

આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.